# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## AMIT SHAH - AHD

આગામી સાતમી મે એ રાજ્યની 25 લોકસભાની બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે  વિવિધ પક્ષોના રાષ્ટ્રીય અગ્રણીઓ અને સ્થાનિક અગ્રણીઓ સમગ્ર રાજ્યમાં પ્રચાર કાર્યમાં જોડાયા છે. દરેક પક્ષના ઉમેદવારો મતદારોને પોતાની તરફેણમાં મતદાન કરે તે માટે ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી આજે સાંજે અમદાવાદના નરોડા ગામ વિસ્તારમાં જાહેરસભાને સંબોધિત કરશે. નરોડામાં તેઓ અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ બેઠકના ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરશે.

અત્રે ઉલ્લેખનીય  છે કે આ અગાઉ શ્રી શાહે ગુજરાતમાં ત્રણ સ્થળોએ જાહેરસભા સંબોધી હતી, અને વડોદરામાં રોડ શો કર્યો હતો. આ અગાઉ તેમણે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યા પહેલા વેજલપુરમાં સભા પણ સંબોધી હતી.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરાએ  આજે અમદાવાદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યાલયમાં પત્રકાર પરિષદને સંબોધી હતી.

તો આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ પણ પત્રકાર પરિષદ યોજી હતી.

.......

## MORBI BJP PRACHAR

કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાs આજે મોરબી શહેરમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલયથી  દરબાર ગઢ સુધી

રેલી યોજી હતી.. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા.

અલગ અલગ સમાજ અને એસોસિએસનના પદાધિકારીઓ દ્વારા આ રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિનોદ ચાવડાની રેલીમાં ધારાસભ્ય કાંતિ અમૃતિયા સહિતના મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનો કારના કાફલા સાથે જોડાયા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલી આ રેલી દ્વારા મતદારોને અચૂક મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી..

-----------------

## ARVALLI CONGRESS

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રચાર પ્રસાર તેજ કરવામાં આવ્યો છે.. કોંગ્રેસના ઉમેદવાર તુષાર ચૌધરી દ્વારા ગામડે ગામડે પ્રચાર કરવામાં આવી રહી છે ત્યાંરે મોડાસામાં ભારતીય જનતા પાર્ટીનું સહકાર સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા હતા કેબિનેટ મંત્રી ભીખુસિંહ પરમાર અને જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં મોડાસા ખાતે સાહકાર સંમેલન કાર્યક્રમ યોજાયો હતો..

--------------------

## Postel BELLET - 1

ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં આજથી પોસ્ટલ બેલેટના મતદાનનો પ્રારંભ થયો છે..ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારી અધિકારીઓ અને પોલીસ સ્ટાફ માટે આજથી બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવી રહ્યું છે..

ગાંધીનગર સેક્ટર 15 સ્ટાફ કોલેજ ખાતે મતદાન માટે વ્યવસ્થા કરવામાં આવી છે..આજથી ચોથી મે સુધી પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકાશે. ગાંધીનગરમાં પોસ્ટલ બેલેટથી મતદાન કરનારા અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા 16 હજાર 200 છે. આ તમામ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન કેન્દ્રો ઉપર મતદાન થઈ રહ્યું છે.

ભાવનગર જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા બી.એન.વીરાણી સ્કૂલ ખાતે પોસ્ટલ બેલેટ મતદાન માટેનું કેન્દ્ર ઉભું કરાયું છે. જ્યાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર.કે.મહેતા તેમજ નિવાસી અધિક કલેકટર એન.ડી.ગોવાણી સહિત ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી લોકશાહીની ફરજ નિભાવી હતી.

બારડોલી મતવિસ્તારમાં સમાવિષ્ટ તાપી જિલ્લામાં પ્રથમ દિવસે કુલ ૩૨૩ ચુંટણી ફરજ પર રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સહિત પોલિસ જવાનોએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી લોકશાહીના પર્વમાં પોતાની ભાગીધારી નોધાવી હતી..

.................

## Postel BELLET - 2

છોટાઉદેપુરમાં પણ ચૂંટણી અધિકારી અનિલ ધામેલિયા સહિતના 1 હજાર 312 કર્મચારીઓએ આજે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી દરમિયાન રોકાયેલ પોલિંગ સ્ટાફની ટ્રેનિંગ તેમજ અન્ય જિલ્લા માંથી ચૂંટણી ફરજમાં આવેલા કર્મચારીઓની પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

--------------------

## SANKALP PATRA - DIU

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ભાજપ કાર્યાલય ખાતેથી દમણ-દીવ લોકસભાના ઉમેદવાર લાલુભાઇ પટેલે સંકલ્પપત્રનું વિમોચન કર્યું. આ સંકલ્પપત્રમાં યુવા શક્તિનો વિકાસ, મહિલા સશક્તિકરણ, શિક્ષણથી સમૃદ્ધિ, આરોગ્ય સેવા, રોજગારી, સાગરખેડુ અને કિસાનોના વિકાસનો સંકલ્પ, સુશાસન, સબકા સાથ સબકા વિકાસ જેવા વિકાસકીય કાર્યોના મુદ્દાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે પ્રદેશ ઉપપ્રમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

---------------

## MATDAR JAGRUTI- DISTRICT

રાજ્યમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી માટે મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મહીસાગર જિલ્લા કલેક્ટર દ્વારા ક્રિકેટના સથવારે મતદાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવી રહ્યો છે.. ટુર્નામેન્ટના પ્રારંભે મતદાર જાગૃતિ પ્રતિજ્ઞાનું વાંચન કરાયું હતું.

ગીર સોમનાથ જિલ્લામાં સ્કિલ એન્ડ એન્ટરપ્રાઇઝ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, અંબુજા સિમેન્ટ, સિધ્ધિ સિમેન્ટ અને ઈન્ડિયન રેયોન, જીએચસીએલ કંપનીના કર્મચારીઓએ હું અવશ્ય મતદાન કરીશ તેવા શપથ લીધા હતાં..

વડોદરામાં ચૂંટણીતંત્ર દ્વારા મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે આજે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા બાઇક રેલી યોજાઇ હતી.

------------------------

## PANCHMAHAL LOW VOTING BOOTH

પંચમહાલમાં મહિલાઓના ઓછા મતદાન થયેલ બૂથ તથા ૫૦ ટકા કરતાં ઓછા મતદાન થયેલ બૂથ શોધીને આવા બૂથ ઉપર મતદાન વધારવાના પ્રયાસ હાથ ધરાયા છે.. પંચમહાલ વિધાનસભાની ચૂંટણીમાં

પાંચ બેઠકના કુલ બૂથમાંથી 42 બુથ એવા મળી આવ્યા છે, જેમાં મતદાન 50% કરતાં ઓછું છે. જ્યારે વર્ષ 2022 ની વિધાનસભાની ચૂંટણીમાં 153 બુથ એવા છે કે જ્યાં મહિલાઓનુ મતદાન ઓછું છે. આવા બૂથ પર મહિલાઓના ઓછા મતદાનને વધારવા સખીમંડળ, શિક્ષકોના સહયોગ સાથે નાટકો કરી, મહિલાઓને મતદાન કરવાની પ્રેરણા અપાઇ રહી છે.

..................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફૉલો કરી શકો છો, અને અમારી Youtube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

........................................